# હોર્મુઝમાં સુરંગો ગોઠવી હોવાનું દર્શાવતો ચાર્ટ ઈરાને બહાર પડ્યો

**ઇરાનની** બે અર્ધ-સરકારી સમાચાર એજન્સીઓએ પ્રકાશિત કરેલા ચાર્ટમાં સમુદ્રના કયા ભાગમાં સુરંગો બિછાવાઇ હતી તે દર્શાવાયું, આ સુરંગો હાલ ખસેડી લેવાઇ છે કે કેમ? તે અંગે અસ્પષ્ટતા

**યુદ્ધ** વિરામની શરતો અંગે ઇરાન અને અમેરિકાના જુદા જુદા દાવાઓ




દુબઇ, તા. ૯(એપી): ઈરાનની અર્ધ-સરકારી સમાચાર સંસ્થાઓએ ગુરુવારે એક ચાર્ટ પ્રકાશિત કર્યો છે, જે સૂચવે છે કે દેશના અર્ધલશ્કરી દળ રિવોલ્યુશનરી ગાર્ડે યુદ્ધ દરમિયાન હોર્મુઝની ખાડીમાં દરિયાઈ સુરંગો બિછાવી હતી. આ સંદેશ કદાચ અમેરિકા પર દબાણ લાવવાના હેતુથી આપવામાં આવ્યો હોય તેવું લાગે છે. હાલમાં જ થયેલા બે અઠવાડિયાના યુદ્ધવિરામ પર અનિશ્ચિતતાના વાદળો છવાયેલા છે અને પાકિસ્તાનમાં વધુ વાટાઘાટો થવાની અપેક્ષા છે.

અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેનો આ ડામાડોળ યુદ્ધવિરામ મોટે ભાગે જળવાઈ રહ્યો છે, જો કે તેહરાન અને વોશિંગ્ટને તેની પ્રારંભિક શરતો અંગે તદ્દન અલગ-અલગ સ્પષ્ટતાઓ રજૂ કરી છે. ઈઝરાયેલ કહી રહ્યું છે કે આ કરાર લેબેનોનના ઉગ્રવાદીઓ સામેના યુદ્ધને લાગુ પડતો નથી અને તેણે ત્યાં હુમલાઓ વધાર્યા છે, જ્યારે આને પગલે ઈરાને એવો દાવો કર્યો છે કે ઇઝરાયેલ કરારનો ભંગ કરી રહ્યું છે. દરમિયાન, ઈરાને જણાવ્યું હતું કે તેણે હોર્મુઝની સામુદ્રધુની પર નિયંત્રણ મેળવવા, ટોલ ટેક્સ વસૂલવા અને યુરેનિયમ સંવર્ધન કરવા માટેની સમજૂતી મેળવી લીધી છે જ્યારે ટ્રમ્પે કહ્યું હતું કે આ કરારમાં સામુદ્રધુનીને ફરીથી ખોલવા અને ઈરાન તેના યુરેનિયમનો જથ્થો સોંપી દે તેવી માંગ કરવામાં આવી હતી.

હોર્મુઝની સામુદ્રધુનીનો નકશો ISNA ન્યૂઝ એજન્સી તેમજ તસ્નીમ એજન્સી દ્વારા બહાર પાડવામાં આવ્યો હતો, જે એજન્સી ઈરાની ગાર્ડની નજીક હોવાનું મનાય છે. તેમાં 'ટ્રાફિક સેપરેશન સ્કીમ' પર ફારસી ભાષામાં ખતરાનો વિસ્તાર લખેલું એક મોટું વર્તુળ બતાવવામાં આવ્યું હતું. આ એ માર્ગ છે જ્યાંથી જહાજો સામુદ્રધુની પસાર કરે છે. નકશામાં એવું સૂચવવામાં આવ્યું હતું કે જહાજો ઉત્તર તરફ ઈરાનની મુખ્ય ભૂમિની નજીક આવેલા 'લારક ટાપુ' પાસેથી મુસાફરી કરે, જે માર્ગનો ઉપયોગ યુદ્ધ દરમિયાન કેટલાક જહાજો દ્વારા કરવામાં આવતો હોવાનું જોવા મળ્યું હતું.

આ નકશો 28 ફેબ્રુઆરીથી ગુરુવાર, 9 એપ્રિલ સુધીનો હતો, અને એ સ્પષ્ટ નથી કે ગાર્ડે તે પછી આ માર્ગ પરથી કોઈ સુરંગો હટાવી છે કે નહીં.

### ટ્રમ્પનું નિવેદન: અમેરિકી દળો આ વિસ્તારમાં તૈનાત રહેશે

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક નિવેદન જારી કરીને ભારપૂર્વક જણાવ્યું છે કે, જ્યાં સુધી વાસ્તવિક સમજૂતી નું સંપૂર્ણ પાલન ન થાય ત્યાં સુધી ઈરાનની આસપાસ તેમના યુદ્ધ જહાજો અને સૈનિકોનો કાફલો તૈનાત રહેશે. ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર આ ટિપ્પણી કરી હતી, જે ઈરાન પર દબાણ લાવવાના એક માર્ગ તરીકે જોવામાં આવી રહી છે. ટ્રમ્પે લખ્યું કે: જો કોઈ પણ કારણસર તેનું પાલન નહીં થાય – જેની શક્યતા ઘણી ઓછી છે – તો પછી યુદ્ધ શરૂ થશે', જે અત્યાર સુધી કોઈએ જોયું ન હોય તેના કરતાં વધુ મોટું, બહેતર અને શક્તિશાળી હશે. તેમણે વધુમાં આગ્રહ પૂર્વક જણાવ્યું હતું કે ઈરાન પરમાણુ હથિયારો બનાવી શકશે નહીં અને હોર્મુઝની સામુદ્રધુની ખુલ્લી અને સુરક્ષિત રહેશે. નોંધનીય છે કે, યુદ્ધવિરામની સમજૂતી થયા બાદ અમેરિકા અને ઈરાન બંનેએ પોતપોતાની જીતનો દાવો કર્યો હતો અને વિશ્વના નેતાઓએ પણ રાહતનો શ્વાસ લીધો હતો. જોકે, આ સોદો જાહેર થયા પછી પણ ઈરાન અને ખાડીના આરબ દેશો પર વધુ ડ્રોન અને મિસાઈલ હુમલાઓ થયા હતા.

## કેદારનાથ ધામમાં ભારે બરફવર્ષાથી મંદિર નજીક પાંચ ફૂટ સુધી બરફ છવાયો



ઉત્તરાખંડના રુદ્રપ્રયાગ જિલ્લામાં તાજી હિમવર્ષા બાદ કેદારનાથ મંદિર પરિસરમાં બરફની ચાદર છવાઈ ગઈ છે. ચારધામ યાત્રા ૧૯ એપ્રિલથી શરૂ થવાની છે. કેદારનાથ યાત્રા ૨૨ એપ્રિલથી શરૂ થવાની છે. તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે, પરંતુ હવામાને તેમાં વિક્ષેપ પાડ્યો છે. કેદારનાથમાં ભારે હિમવર્ષા થઈ રહી છે, જેના કારણે તૈયારીઓ પર અસર પડી રહી છે. કેદારનાથ મંદિરમાં ૫ ફૂટ સુધી બરફ જમા થઈ ગયો છે. છેલ્લા ત્રણ દિવસથી ભારે હિમવર્ષા થઈ રહી છે. હિમવર્ષા બંધ થવાના કોઈ સંકેત દેખાતા નથી. આ વર્ષે, ચારધામ યાત્રા ૧૯ એપ્રિલે શરૂ થશે. યમુનોત્રી અને ગંગોત્રીના દરવાજા ૧૯ એપ્રિલે ખુલશે, જ્યારે કેદારનાથના દરવાજા ૨૨ એપ્રિલે ખુલશે. બદ્રીનાથ ધામના દરવાજા ૨૩ એપ્રિલે ખુલશે. યાત્રાળુઓ માટે નોંધણી ૬ માર્ચે શરૂ થઈ હતી.

## નીતીશ કુમાર આજે રાજ્યસભાના સભ્ય તરીકે શપથ લેશે

નવી દિલ્હી, તા. 9 (PTI): બિહારના લાંબા સમય સુધી મુખ્યમંત્રી રહેલા નીતીશ કુમાર શુક્રવારે રાજ્યસભાના સભ્ય તરીકે શપથ લેશે. જેનાથી બિહારમાં નવી સરકારની રચના માટેનો માર્ગ મોકળો થશે. કુમાર ગુરુવારે રાષ્ટ્રીય રાજધાની પહોંચ્યા હતા અને એરપોર્ટ પર જેડીયુ (જેડી-યુ) ના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ સંજય કુમાર ઝા સહિતના પક્ષના નેતાઓ દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. એરપોર્ટ પર પત્રકારો સાથે વાત કરતાં કુમારે જણાવ્યું હતું કે, "હું અહીં શપથ લેવા માટે આવ્યો છું." રાજ્યસભાના અધ્યક્ષ સી.પી. રાધાકૃષ્ણનના ચેમ્બરમાં તેમને ઉચ્ચ સદનના સભ્ય તરીકે શપથ લેવડાવવામાં આવશે.

નીતીશ કુમાર રાજ્યસભાની ભૂમિકા સંભાળતાની સાથે જ બિહારમાં તેમના લાંબા શાસનનો અંત આવશે અને એનડીએ દ્વારા 14 એપ્રિલના રોજ બિહારના નવા મુખ્યમંત્રીની પસંદગી કરવામાં આવે તેવી શક્યતા છે.

## આરજી કર પીડિતાની માતા પાનિહાટીથી ભાજપના ઉમેદવાર

કોલકાતા, તા. 9 (PTI): આર.જી. કર હોસ્પિટલના બળાત્કાર-હત્યાનો ભોગ બનેલી મહિલા ડૉક્ટરની માતા અને પાનિહાટીથી ભાજપના ઉમેદવાર રત્ના દેબનાથે ગુરુવારે તેમના નામાંકન પત્રો ભર્યા હતા. તેમની સાથે ભાજપના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની તથા જિલ્લા પક્ષના નેતાઓ પણ હાજર રહ્યા હતા. ઉમેદવારીપત્ર ભર્યા બાદ પત્રકારો સાથે વાત કરતાં રત્ના દેબનાથે જણાવ્યું હતું કે, તેમનો એકમાત્ર ઉદ્દેશ્ય પશ્ચિમ બંગાળમાં ટીએમસી શાસનને ઉખેડી ફેંકવાનો છે, આવું થવાથી રાજ્યમાં મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત થશે અને આર.જી. કર જેવી ઘટનાઓની પુનરાવૃત્તિ અટકશે. ઓગસ્ટ 2024માં સરકારી હોસ્પિટલના લોક કરાયેલા સેમિનાર રૂમની અંદર તેમની 26 વર્ષીય પુત્રીની નિર્મમ હત્યાના લગભગ દોઢ વર્ષ પછી, દેબનાથ ગુના પાછળનું સત્ય પ્રકાશમાં લાવવા માટે પક્ષ દ્વારા સંપર્ક કરવામાં આવ્યા બાદ તેમના વતન પાનિહાટીથી ભાજપની ટિકિટ પર ચૂંટણી લડવા સંમત થયા હતા. તેમની ટક્કર ટીએમસીના તીર્થંકર ઘોષ અને સીપીઆઈ(એમ)ના કલાતન દાસગુપ્તા સામે છે.

## CBIએ રૂ. 550 કરોડની IDFC બેંક ગેરરીતિ કેસમાં FIR નોંધી

નવી દિલ્હી, તા. 9 (PTI): ચંદીગઢમાં આઈડીએફસી ફર્સ્ટ બેંકમાં મૂકવામાં આવેલા હરિયાણા સરકારના ખાતાઓમાંથી 550 કરોડ રૂપિયાની કથિત ઉચાપત મામલે તપાસ હાથમાં લીધા બાદ સીબીઆઈએ એફઆઈઆર નોંધી છે. એમ સત્તાવાર સૂત્રોએ ગુરુવારે જણાવ્યું હતું. હરિયાણા સરકારે આ તપાસ કેન્દ્રીય તપાસ એજન્સીને સોંપી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, ડિપાર્ટમેન્ટ ઓફ પર્સનલ એન્ડ ટ્રેનિંગ દ્વારા બુધવારે એજન્સીને આ અંગેનો સંદર્ભ મોકલવામાં આવ્યો હતો. સીબીઆઈએ આ કેસની એફઆઈઆર નોંધીને તપાસ સંભાળી લીધી છે, જે અગાઉ હરિયાણા સ્ટેટ વિજિલન્સ એન્ડ એન્ટી કરપ્શન બ્યુરો (એસવી એન્ડ એસીબી) દ્વારા તપાસવામાં આવી રહી હતી.

## તેલંગાણામાં પતિના નાણાકીય વિવાદમાં મહિલાને વૃક્ષ સાથે બાંધી દેવાઇ

હૈદરાબાદ, તા. 9 (PTI) તેલંગાણાના સંગારેડ્ડી જિલ્લાના એક ગામમાં પાંચ વ્યક્તિઓ દ્વારા પૈસાના વિવાદમાં એક મહિલાને કથિત રીતે વૃક્ષ સાથે બાંધી દેવામાં આવી હોવાનું પોલીસે ગુરુવારે જણાવ્યું હતું. આંગણવાડી શિક્ષિકા તરીકે કામ કરતી આ મહિલાએ બુધવારે નોંધાવેલી પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, આરોપીઓએ અગાઉના દિવસે તેને કહ્યું હતું કે તેના પતિએ તેમને પૈસા ચૂકવવાના બાકી છે. તેઓએ માંગણી કરી હતી કે પૈસા તેમને પરત કરવામાં આવે. મહિલાએ જવાબ આપ્યો કે તે આ બાબતે તેના પતિ સાથે વાત કરશે. જોકે, મહિલા અને તેના પતિ પર પૈસા પાછા ન આપવાનો આરોપ લગાવીને પાંચેય લોકોએ તેને દોરડા વડે વૃક્ષ સાથે બાંધી દીધી હતી. બાદમાં ગામના કેટલાક વડીલોની દખલગીરી બાદ તેને મુક્ત કરવામાં આવી હતી.

## પેજ 3

### 'ભૂત બંગલા'ના સેટ પર સ્ટંટ કરતી વખતે અક્ષય કુમાર ઘાયલ



મુંબઈ, તા. 9 (PTI) : આગામી હોરર-કોમેડી ફિલ્મ 'ભૂત બંગલા'ના નિર્માતાઓએ ગુરુવારે પડદા પાછળનો એક વીડિયો શેર કર્યો છે, જેમાં મુખ્ય અભિનેતા અક્ષય કુમાર ફિલ્મના સેટ પર સ્ટંટ કરતી વખતે ઈજાગ્રસ્ત થતા જોવા મળે છે. આ નાની ક્લિપમાં, અક્ષય કુમાર, જે પોતાના સ્ટંટ જાતે કરવા માટે જાણીતો છે, હવામાં જમ્પ કિક મારતાં જોવા મળે છે. જોકે, લેન્ડિંગ કરતી વખતે તે સંતુલન ગુમાવે છે અને નીચે પડી જાય છે, જેના કારણે તેને ઈજા થાય છે. આ ઘટના કઈ તારીખે બની હતી અને અક્ષય કુમારની ઈજા કેટલી ગંભીર છે, તે હજી સ્પષ્ટ થયું નથી.

### 'તિરછી ટોપીવાલે' ગીતના અનધિકૃત ઉપયોગ બદલ 'ધુરંધર 2' કાયદાકીય મુશ્કેલીમાં



મુંબઈ તા. 9 : તિરછી ટોપીવાલે' ગીતના અનધિકૃત ઉપયોગ બદલ 'ધુરંધર 2' કાયદાકીય મુશ્કેલીમાં મૂકાઇ છે. આ વિવાદ 'તિરછી ટોપીવાલે' ગીતના અધિકારો અંગેનો છે, જે મૂળ રૂપે 1989ની ફિલ્મ 'ત્રિદેવ' માટે કલ્યાણજી-આણંદજી દ્વારા કમ્પોઝ કરવામાં આવ્યું હતું અને આનંદ બક્ષી દ્વારા લખવામાં આવ્યું હતું. આ ગીત અમિત કુમાર અને સપના મુખર્જીએ ગાયું હતું. અહેવાલ મુજબ, ત્રિમૂર્તિ ફિલ્મ્સે આક્ષેપ કર્યો છે કે, આ ગીત અથવા તેના જેવું જ દેખાતું સંસ્કરણ, જરૂરી લાયસન્સ કે પરવાનગી મેળવ્યા વિના 'ધુરંધર 2'ના 'રંગ દે લાલ' ગીતમાં વાપરવામાં આવ્યું છે. આ કેસથી પરિચિત સ્ત્રોતોને ટાંકીને અહેવાલમાં જણાવાયું છે કે, કંપનીએ મ્યુઝિકલ કમ્પોઝિશન અને સાઉન્ડ રેકોર્ડિંગ બંનેમાં સંબંધિત અધિકારો પર માલિકી અને નિયંત્રણનો દાવો કર્યો છે.

### મુકેશ ખન્નાના સમય રૈના પર આકરા પ્રહારો : 'તું ગધેડા પર બેસવા લાયક છે'



મુંબઈ તા. 9 : મુકેશ ખન્ના અને કોમેડિયન સમય રૈના વચ્ચે શબ્દયુદ્ધ તેજ બન્યું છે. સમયએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે જ્યારે શક્તિમાન પ્રસારિત થતો હતો, ત્યારે ઘણા બાળકોએ ખતરનાક સ્ટંટ કરવાનો પ્રયાસ કર્યો હતો. સમયએ શો દરમિયાન કહ્યું, તેં બાળકોને માર્યા છે, તું કયા મોરલ હાઈ ગ્રાઉન્ડ (નૈતિકતા) પર બેઠો છે? આ ટિપ્પણીઓ ઓનલાઇન ફેલાયા બાદ મુકેશ ખન્નાએ ઇન્સ્ટાગ્રામ દ્વારા પ્રતિક્રિયા આપી હતી. ખન્નાએ એક એડિટ કરેલો ફોટો અપલોડ કર્યો જેમાં સમય ગધેડા પર બેઠેલો જોવા મળે છે અને કોમેડિયનના ચહેરા પર કાળા ડાઘ છે. ઈમેજ પરના લખાણમાં લખ્યું હતું કે, સમય રૈના તું ફક્ત ગધેડા પર બેસવા લાયક છે, તે પણ મોઢું કાળું કરીને.

# બૉમ્બ હુમલાના વિરોધમાં મણિપુરમાં ઘણી વિરોધ રેલીઓ નીકળી

**મણિપુરના** ખીણ વિસ્તારના જિલ્લાઓમાં નીકળેલી રેલીમાં ગુનેગારોની ધરપકડની માગ ઉઠાવાઇ




ઈમ્ફાલ, તા. 9 (PTI): કર્ફ્યુનો ભંગ કરીને મણિપુરના પાંચ ખીણ જિલ્લાઓમાં હજારો પ્રદર્શનકારીઓએ વિરોધ રેલીઓ કાઢી હતી અને બિષ્ણુપુર જિલ્લામાં બે બાળકોના જીવ લેનારા બૉમ્બ હુમલાના વિરોધમાં ટાયરો સળગાવ્યા હતા. ઈમ્ફાલ પશ્ચિમ જિલ્લામાં ટિડિમ લાઈન ખાતે 'ઓલ મણિપુર યુનાઈટેડ ક્લબ્સ ઓર્ગેનાઈઝેશન' (એએમયુસીઓ)ના નેજા હેઠળ સેંકડો લોકોએ ક્વાકીથેલ પાસે તેની ઓફિસથી રેલી કાઢી હતી, જેમાં હત્યાઓની નિંદા કરવામાં આવી હતી અને ગુનેગારોની તાત્કાલિક ધરપકડ કરવાની માંગ કરવામાં આવી હતી.

હુમલામાં માર્યા ગયેલા બે સગીર બાળકોના પોસ્ટર પકડેલા અનેક બાળકો પણ રેલીમાં જોડાયા હતા, જેને ક્વાકીથેલ પાસે સુરક્ષા દળો દ્વારા આગળ વધતા અટકાવવામાં આવી હતી. પાછળથી એએમયુસીઓના પ્રતિનિધિઓ અને અન્ય લોકોને તેમની ચિંતાઓના નિવારણ માટે મુખ્યમંત્રી વાય. ખેમચંદ સિંહને મળવા માટે લઈ જવામાં આવ્યા હતા.

7 એપ્રિલના રોજ બિષ્ણુપુર જિલ્લાના ટ્રોંગલાઓબી ખાતે શંકાસ્પદ ઉગ્રવાદીઓએ તેમના ઘર પર બૉમ્બ ફેંકતા 5 વર્ષનો છોકરો અને તેની 6 મહિનાની બહેન માર્યા ગયા હતા. આ ઘટનાના થોડા સમય બાદ, લગભગ 500 પ્રદર્શનકારીઓના ટોળાએ ટ્રોંગલાઓબીથી થોડાક સો મીટર દૂર ગેલમોલ પાસે સીઆરપીએફ કેમ્પ પર હુમલો કર્યો હતો અને તોડફોડ તેમજ સુરક્ષા વાહનોને સળગાવવાની ઘટનાઓ કરી હતી. ત્યારબાદ કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલા ફાયરિંગમાં ત્રણ પ્રદર્શનકારીઓના મોત થયા હતા જ્યારે 30 ઘાયલ થયા હતા.

# ઈન્દોરમાં બાળકના ગળામાં જીવતી માછલી ફસાઈ

**છ સભ્યોની** મેડિકલ ટીમે અડધો કલાકની જટિલ સર્જરી વડે માથલી બહાર કાઢી

ઈન્દોર, તા. 9 (PTI): ઘરના માછલીઘર (એક્વેરિયમ)ની સફાઈ કરવાનું સામાન્ય કામ ઈન્દોરના એક પરિવાર માટે તબીબી કટોકટીમાં ફેરવાઈ ગયું જ્યારે એક માછલી કૂદીને તેમના બાળકના ગળામાં જતી રહી. અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું કે, ડોક્ટરોએ સર્જરી કરીને એક વર્ષના બાળકના ગળામાંથી માછલી બહાર કાઢી હતી. આ વિચિત્ર ઘટના 3 એપ્રિલના રોજ બની હતી, જ્યારે બાળકના મોટા ભાઈ-બહેનો માછલીઘર સાફ કરી રહ્યા હતા અને નેટમાં રાખેલી સુશોભન માછલીઓ સાથે રમી રહ્યા હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર, જ્યારે બાળક જોરથી હસી રહ્યો હતો ત્યારે અચાનક એક માછલી નેટમાંથી બહાર કૂદી અને સીધી તેના મોઢામાં જઈ પડી. ગભરાયેલા પરિવારના સભ્યો તાત્કાલિક બાળકને સરકારી મહારાજા યશવંતરાય હોસ્પિટલ (એમવાયએચ) લઈ ગયા હતા.

એમવાયએચના ઈએનટી વિભાગના વડા ડો. યામિની ગુપ્તાએ જણાવ્યું હતું કે, "લગભગ ત્રણ ઈંચની માછલી જીવતી હતી અને બાળકના ગળામાં ફસાયેલી હોવાથી જોરશોરથી તરફડી રહી હતી. તેના કારણે બાળકને ઈજાઓ થઈ હતી અને લાળ સાથે લોહી પણ નીકળી રહ્યું હતું. બાળક ચિંતિત, બેચેન હતો અને તેને શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી હતી."

ડો. ગુપ્તાએ જણાવ્યું કે, ટીમ દ્વારા તાત્કાલિક સર્જરી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. છ સભ્યોની મેડિકલ ટીમે અડધો કલાક ચાલેલી જટિલ પ્રક્રિયા દરમિયાન માછલીને બહાર કાઢી હતી, જે ત્યાં સુધીમાં મરી ગઈ હતી. ઓપરેશન બાદ ડોક્ટરોએ થોડા દિવસો સુધી બાળકનું નિરીક્ષણ કર્યું અને બાદમાં તેને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી.

## માલદામાં જજના ઘેરાવ સંબંધે NIAએ 12 એફઆઈઆર નોંધી

નવી દિલ્હી, તા. 9 (PTI): નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ) એ બુધવારે પશ્ચિમ બંગાળના માલદામાં મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) સંબંધિત કામ માટે નિયુક્ત ન્યાયિક અધિકારીઓના ઘેરાવની તપાસ માટે 12 કેસ નોંધ્યા છે. આ પગલું સુપ્રીમ કોર્ટના નિર્દેશ બાદ લેવામાં આવ્યું છે. મોડી રાત્રે જારી કરેલા એક નિવેદનમાં એનઆઈએએ જણાવ્યું હતું કે, તેણે સુપ્રીમ કોર્ટના 6 એપ્રિલના આદેશના પાલનમાં પશ્ચિમ બંગાળના માલદા જિલ્લાના મોથાબારી પોલીસ સ્ટેશનની 07 એફઆઈઆર અને કાલિચક પોલીસ સ્ટેશનની 05 એફઆઈઆર તપાસ માટે ફરીથી નોંધી છે. આ આદેશ પશ્ચિમ બંગાળના માલદામાં મતદાર યાદીના એસઆઈઆર સંબંધિત કામ માટે નિયુક્ત ન્યાયિક અધિકારીઓની સુરક્ષા અને સલામતી તથા સંબંધિત કાયદો અને વ્યવસ્થાની ઘટનાઓ સાથે જોડાયેલો છે.

# વિદેશ સચિવ વિક્રમ મિસરી અમેરિકામાં: સંરક્ષણ, વેપાર સંબંધોની સમીક્ષા કરી

**'ભારત-યુએસ** ટ્રેડ ફેસિલિટેશન પોર્ટલ' લોન્ચ કરી

**આ** મહિનાના અંતે ભારતીય પ્રતિનિધિમંડળ અમેરિકાની મુલાકાતે જશે

વોશિંગ્ટન, તા. 9(PTI): ભારતના વિદેશ સચિવ વિક્રમ મિસરીએ અહીં અમેરિકાના વરિષ્ઠ અધિકારીઓ સાથે મુલાકાત કરી હતી. આ બેઠકો દરમિયાન સંરક્ષણ અને વેપાર સંબંધોને વધુ ગાઢ બનાવવાની રીતો પર ચર્ચા કરવામાં આવી હતી અને ઇન્ડો-પેસિફિક તથા પશ્ચિમ એશિયામાં થઈ રહેલા ઘટના વિકાસ પર વિચારોનું આદાનપ્રદાન કરવામાં આવ્યું હતું.

અહીંની ત્રણ દિવસીય મુલાકાતે આવેલા મિસરીએ સંરક્ષણ વિભાગના અન્ડર સેક્રેટરી માઈકલ ડફી અને એલ્બ્રિજ કોલ્બી તેમજ વાણિજ્ય વિભાગના અન્ડર સેક્રેટરી જેફરી કેસલર અને વિલિયમ કિમીટ સાથે મુલાકાત કરી હતી. અમેરિકામાં ભારતીય દૂતાવાસે 'X' પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, ભારત-અમેરિકા સંરક્ષણ વિનિમયની ગતિને જાળવી રાખતા, વિદેશ સચિવ વિક્રમ મિસરીએ પેન્ટાગોન ખાતે સંરક્ષણ નીતિના અન્ડર સેક્રેટરી એલ્બ્રિજ કોલ્બી સાથે ફરી એકવાર વ્યાપક વાતચીત કરી હતી, જેમાં ઇન્ડો-પેસિફિક ક્ષેત્ર અને પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ઘટનાક્રમોને આવરી લેવામાં આવ્યા હતા.

કોલ્બીએ ગયા મહિને ભારતની મુલાકાત લીધી હતી અને નવી દિલ્હીમાં ભારત-અમેરિકા સંરક્ષણ નીતિ જૂથની બેઠક દરમિયાન મિસરી સાથે મુલાકાત કરી હતી. મિસરીએ પેન્ટાગોન ખાતે સંરક્ષણ વિભાગના ખરીદી અને સસ્ટેનમેન્ટ વિભાગના અન્ડર સેક્રેટરી માઈકલ ડફી સાથે પણ ફળદાયી વાતચીત કરી હતી. મિસરી દ્વિપક્ષીય વેપાર અને સંરક્ષણ સંબંધોની સમીક્ષા કરવા અને પશ્ચિમ એશિયાના સંકટ સહિત વૈશ્વિક વિકાસ પર ચર્ચા કરવા માટે અમેરિકાની મુલાકાતે છે.

દરમ્યાન, ભારત ખાતેના રાજદૂત સર્ગેઈ ગોરે ગુરુવારે વેપાર પ્રતિનિધિ જેમીસન ગ્રીર સાથે મુલાકાત કરી હતી અને જણાવ્યું હતું કે તેઓ વેપાર સમજૂતી પર ચર્ચા કરવા માટે આ મહિનાના અંતમાં ભારતીય પ્રતિનિધિમંડળનું અહીં સ્વાગત કરવા આતુર છે. ગોર પણ હાલમાં અમેરિકાની મુલાકાતે છે. આ બેઠક વિદેશ સચિવ વિક્રમ મિસરીએ અહીં 'ભારત-યુએસ ટ્રેડ ફેસિલિટેશન પોર્ટલ' લોન્ચ કર્યાના એક દિવસ બાદ યોજાઈ છે, જ્યારે કે બંને દેશો 500 અબજ યુએસ ડોલરના દ્વિપક્ષીય વેપાર લક્ષ્યાંક પર નજર રાખી રહ્યા છે.

# 12 કર્મચારીઓને ચેન્નાઈની એક કંપનીએ ઓડી કાર ભેટમાં આપી

**કંપની** દ્વારા કર્મચારીઓને સખત મહેનત અને સમર્પણનો શિરપાવ અપાયો

ચેન્નાઈ, તા. 9: ચેન્નાઈ સ્થિત એક કંપનીએ તેના કર્મચારીઓના એક જૂથને 12 ઓડી કાર ભેટમાં આપ્યા બાદ ઓનલાઈન સૌનું ધ્યાન ખેંચ્યું છે, જેના વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વ્યાપકપણે વાયરલ થઈ રહ્યા છે. આ ઘટના ત્યારે ચર્ચામાં આવી જ્યારે ચેન્નાઈ સ્થિત સોશિયલ મીડિયા પેજ - 'unseenchennai' - દ્વારા ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કરવામાં આવ્યો. રીફેક્સ ગ્રુપ નામની આ કંપનીએ પસંદ કરેલા કર્મચારીઓને 12 ઓડી કારનું વિતરણ કર્યું હતું. આ પગલાને આંતરિક રીતે 'વ્હીલ ઓફ અચીવમેન્ટ' શીર્ષક હેઠળની પહેલના ભાગરૂપે વર્ણવવામાં આવ્યું હતું, જેનો ઉદ્દેશ્ય એવા વ્યક્તિઓની ઓળખ કરવાનો હતો જેઓ સંસ્થાના વિકાસના તબક્કા દરમિયાન તેની સાથે જોડાયેલા રહ્યા હતા.

# તમે અમને સાથ આપ્યો નહીં: નાટો સામે ટ્રમ્પે ફરીથી બખાળા કાઢ્યા

**નાટોના** મહામંત્રી સાથે બેઠક બાદ અમેરિકી પ્રમુખે ગઠબંધનની ટીકા કરી

**જો કે** આ ગઠબંધનમાંથી અમેરિકાને ખેંચી લેવા ટ્રમ્પે સંસદની મંજૂરી લેવી પડશે

વોશિંગ્ટન, 9 એપ્રિલ (એપી) અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે નાટોના સેક્રેટરી જનરલ માર્ક રુટ સાથે બંધ બારણે બેઠક યોજી હતી. ઈરાન યુદ્ધને લઈને લશ્કરી ગઠબંધન સાથેની ટ્રમ્પની નારાજગી દૂર કરવાના હેતુથી આ ચર્ચા કરવામાં આવશે તેવી અપેક્ષા હતી, પરંતુ બેઠક બાદ ટ્રમ્પે ફરી એકવાર નાટો સામે પોતાની ફરિયાદ દોહરાવી હતી.

ખાનગી બેઠક પહેલાં, ટ્રમ્પે એવો સંકેત આપ્યો હતો કે અમેરિકા આ ટ્રાન્સ-એટલાન્ટિક ગઠબંધન છોડવા પર વિચાર કરી શકે છે. ઈરાને જ્યારે હોર્મુઝની સામુદ્રધુની અસરકારક રીતે બંધ કરી દીધી, જે એક મહત્વપૂર્ણ શિપિંગ જળમાર્ગ છે, અને તેના કારણે ગેસના ભાવ આસમાને પહોંચ્યા, ત્યારે નાટોના સભ્ય દેશોએ ટ્રમ્પની મદદ માટેની હાકલને નકારી કાઢી હતી. ત્યારબાદ, તેમણે સોશિયલ મીડિયા પર તમામ અક્ષરો કેપિટલમાં લખીને એક ટિપ્પણી કરી, જે દર્શાવે છે કે તેઓ હજુ પણ નારાજ છે.

# યુરોપની આલ્કોહોલ કંપનીઓએ કાચની બોટલો-કેન પર ભારત પાસે ડ્યુટી માફી માગી

નવી દિલ્હી, તા. 9: એક યુરોપિયન ઈન્ડસ્ટ્રી લોબી ગ્રુપ, જેના સભ્યોમાં પર્નોડ રિકાર્ડ, એનહ્યુઝર-બુશ ઈનબેવ, હેઈનેકેન અને કાર્લ્સબર્ગ સામેલ છે, તેમણે ભારતને કાચની બોટલો અને એલ્યુમિનિયમ કેન પરની ૧૦ ટકા આયાત ડ્યુટીમાંથી મુક્તિ આપવા વિનંતી કરી છે. રોઈટર્સ દ્વારા જોવામાં આવેલા એક પત્ર મુજબ, ઈરાન યુદ્ધને કારણે ઊભી થયેલી અછતની આશંકા વચ્ચે આ માંગ કરવામાં આવી છે. ફેડરેશન ઓફ યુરોપિયન બિઝનેસિસ ઈન ઈન્ડિયાએ ૨ એપ્રિલના રોજ ભારત સરકારને પત્ર લખીને જણાવ્યું હતું કે, કંપનીઓના કેન અને બોટલના સપ્લાયમાં મર્યાદા આવી રહી છે. કારણ કે, સ્થાનિક ઉત્પાદકો તેમની પૂરી ક્ષમતાથી કામ કરવામાં સક્ષમ નથી.